**ક્રિમીનલ કેસ નંબરઃ–71842/2016**

## આંક–૧ લગત હુકમ

(૧)... ફરીયાદી દ્વારા હાલની ફરીયાદ The Negotiable Instrument Act-1881ની કલમ–૧૩૮ અન્વયે તા.08.12.2016 ના રોજ દાખલ કરવામાં આવેલી છે. સદર કામે કેસનું રેકર્ડ તથા પ્રોસીડીંગ્સ વંચાણે લેતા સદર કેસ દાખલ થયો તે જ દિવસથી આજદિન સુધી આરોપીને પ્રોસેસ બજવાના સ્ટેજ ઉપર મુલત્વી છે તેમજ આ કામની ફરીયાદમાં જણાવેલા સરનામે આરોપીને પ્રોસેસ કરતા આરોપી તે જગ્યા ઉપર રહેતા ન હોવાના/દુકાન–મકાન ખાલી કરીને જતા રહયા હોવાના શેરા સાથે પ્રોસેસ વગર બજે પરત ફરેલ છે. આમ, ઉપરોકત હકીકત ધ્યાને લેતા સદર કેસ દાખલ થયા બાદથી આજદિન સુધી આરોપીને પ્રોસેસ બજવાના તથા આરોપીનું નવું સરનામું રજુ કરવાના સ્ટેજ ઉપર ચાલે છે. સદર કામે રેકર્ડ વંચાણે લેતા ફરીયાદી કે તેમના વિ.વ.શ્રી નિયમીત રીતે નામ.કોર્ટમાં હાજર રહેતા નથી તેમજ આરોપીનું નવું સરનામું રજુ કરેલ નથી કે આરોપીને પ્રોસેસની અસરકારક રીતે બજવણી થાય તેવી કોઈ કાર્યવાહી કરેલી નથી.

(૨)... વધુમાં ફરીયાદી તથા તેમના વિ.વ.શ્રી આજરોજ હાજર રહેલ નથી કે તેમની ગેરહાજરી બાબતે કોઈ રીપોર્ટ કે અરજી રજુ નથી. ફરીયાદી તથા તેમના વિ.વ.શ્રી હાજર રહેતા ન હોય ફરીયાદી/વિ.વ.શ્રીને મુ.તા.10.02.2023 ના રોજની નોટીસ કરતા તે નોટીસ તેઓને આંક–10 થી બજે રજુ છે તેમ છતા તેમના આજદિન સુધી આરોપીનું નવું સરનામું રજુ કરવા માટે કોઈ તજવિજ કરવામાં આવેલી નથી. વધુમાં ફરીયાદ પક્ષે નામ.કોર્ટમાં હાજર રહીને કેસની કાર્યવાહી સક્રિયપણે આગળ ચાલે તેવા જ કોઈ જ પ્રયાસો કરવા માં આવેલા હોય તેવું રેકર્ડ ઉપરથી જણાઈ આવતું નથી.

(૩)... વધુમાં સદર ફરીયાદ દાખલ થયા બાદ આજદિન સુધી બજવણીના તબકકે છે અને બજવણીના તબકકે હોવાના કારણ માત્રથી ફરીયાદી નામ.કોર્ટમાં હાજર ન રહે અને આરોપીને પ્રોસેસ બજાવવાની કાર્યવાહી ન કરે તે ઈચ્છનીય નથી. વધુમાં રેકર્ડ વંચાણે લેતા ફરીયાદીની ગેરહાજરીમાં ફરીયાદીના વિ.વ.શ્રીએ નામ.કોર્ટમાં હાજર રહી ને આરોપી સામે પ્રોસેસ બજાવવાની કાર્યવાહી કરેલી નથી કે આરોપીનું સરનામું રજુ કરવાનો કોઈ સક્રીય રહીને કોઈ પ્રયાસ કરેલો હોય તેવું રેકર્ડ ઉપરથી જણાઈ આવતું નથી. વધુમાં કાયદાકીય જોગવાળ મુજબ હાલના કેસની કાર્યવાહી કેસ દાખલ થયાના છ માસમાં પૂર્ણ કરવાની હોય છે અને સદર કેસ દાખલ થવાને છ વર્ષ જેટલો સમય પુરો થવા આવ્યો હોવા છતા આરોપીને પ્રોસેસની બજવણી થયેલી નથી અને સદર કેસ માત્ર ને માત્ર ફરીયાદ પક્ષની બેદરકારી ના કારણે પેન્ડીગ રહેવા પામેલો છે. વધુમાં નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા **Bhavni Textiles Mills Vs. State of Gujarat (Cri. Appeal No.2405 of 2009, Dt.18.01.2010)** ના ચુકાદાના પારા નં.૪માં ઠરાવ્યા પ્રમાણે જો ફરીયાદી કે તેમના વિ.વ.શ્રી લાંબા સમયથી કેસની કાર્યવાહીમાં હાજર રહેતા ન હોય અને

કેસની કાર્યવાહી આગળ વધારવા માટે કોઈ સક્રિય પ્રયાસ કરતા ન હોય તો તે ફરીયાદ પક્ષની બેદરકારી ગણાય અને ફરીયાદ પક્ષની બેદરકારીના કારણે ફરીયાદીની ફરીયાદ રદ્દ થવાને પાત્ર છે.

(૪)... આમ, ઉપર કરેલી ચર્ચા મુજબ ફરીયાદી કે તેમના વિ.વ.શ્રીએ નિયમીત હાજર રહીને કેસની કાર્યવાહી આગળ ચાલે તેવા કોઈ પ્રયત્નો કરેલા નથી કે આરોપીને અસરકારાક રીતે પ્રોસેસની બજવણી થાય તેવું કોઈ સરનામું રજુ કરેલ નથી તે હકીકત ધ્યાને લેતા ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૬ અન્વયે હાલની ફરીયાદ ફરીયાદીની કસુર ના કારણે રદ્દ થવાને પાત્ર હોય ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**::: હુકમ :::**

- ફરીયાદ પક્ષની ગેરહાજરી તથા આરોપી સામે પ્રોસેસની બજવણી માટેના સરનામાના અભાવે હાલની ફરીયાદ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૬ અન્વયે રદ કરવામાં આવે છે તથા આરોપીને તેની સામેના The Negotiable Instrument Act-1881ની કલમ–૧૩૮ અન્વયેના તહોમતમાંથી નિર્દોષ ઠરાવીને છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૧૧મી માહે ફેબ્રુઆરી સને–૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખઃ–૧૧.૦૨.૨૦૨૩
સ્થળ :–સુરત

( અમીત રમેશચંદ્ર ત્રિવેદી )
બીજા એડી.જ્યુડી મેજીસ્ટ્રેટ ફ.ક.,સુરત
કોડ નં. જી.જે.૦૧૩૬૬